# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

મે - ઓગષ્ટ ૨૦૧૩ વર્ષ ૬ અંક ૨ પૃષ્ઠ ૮ રૂા. ૨/-



## આપણે સાંગોપાંગ પ્રમાણિકતા સાથે કેવી રીતે જીવી શકીએ ?

**પ્ર**માણિકતા એટલે શું? પ્રમાણિકતા એ કોઇ પ્રકારની પૂર્વ સંકલ્પના નથી. કે ભાવનાત્મક કાલ્પનિક, અવાસ્તવિક એવી સંકલ્પના નથી. પરંતુ તેમનામાં કોઈપણ પ્રકારની ભ્રામિકતા ના હોવી જોઇએ. પ્રમાણિકપણામાં કોઈપણ ભ્રમ ના હોવો જોઈએ. "Illusion" આ શબ્દનો અર્થ અમે કાળજીપૂર્વક શબ્દકોષમાં જોયો છે. એ શબ્દ મૂળમાં "Ludre" શબ્દમાંથી ઉદ્‌ભવ્યો છે જેનો ખરો અર્થ થાય છે. "To Play" રમવું. આપણે ભ્રમણા સાથે રમીએ છીએ, જેને આપણા દૈનિક જીવન સાથે કશી જ નિસબત નથી. કદાચિત આપણે અધિકાધીક કાલ્પનીક એવું અદ્‌ભુત જીવન જીવી રહ્યાં છીએ. માટે જ આધુનિક જીવન જે ઘણું ભ્રષ્ટ છે એનો આપણે સામનો કરી શકતા નથી. અને જો તેને અનૈતિક કહી શકીએ, કે જ્યાં પૈસા અને સત્તા એજ મહત્ત્વની ભૂમિકા સર્જે છે. ત્યારે એવા જગતમાં આપણે સંપૂર્ણ પ્રમાણિક જીવન કેવી રીતે જીવી શકીએ?

મને કુતૂહલ થાય છે કે આપણામાંથી દરેક જણે પોતાના જીવનમાં સ્વયંને આ પ્રશ્ન પૂછયો હશે કે પૂર્ણપણે પ્રમાણિક, સત્ય જીવન જીવવું એટલે શું? આ બાબતમાં આપણે ઊંડા ઉતરીએ એ પહેલાં આપણી સામે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. એકાત્મતા, અખંડતા એટલે શું? એકાત્મતા પ્રમાણિકતા સાથે સંબંધિત છે. એકાત્મતા એ મગજનો સ્વભાવ છે, કે આપણા સમગ્ર અસ્તિત્ત્વનો સ્વભાવ છે. સમગ્રતા એટલે જે ખંડિત નથી અખંડ છે. આપણું જીવન ખંડોમાં વિભાજીત થયેલું છે. સમગ્રતા એ કોઈકે કલ્પના કરી સત્ય માની લીધેલી બાબત નથી. કલ્પના કરેલી, વિચાર કરી સત્ય માનેલી અને તે પ્રમાણે જીવવું એવું આપણું જીવન છે. તે જીવન જીવવાનો માર્ગ કે પધ્ધતિ બની ગઇ છે, કે જે ખંડિત કે વિભાજીત થયેલી પધ્ધતિ છે. એક સંકલ્પના, એક આદર્શ પ્રમાણે આપણે જીવીએ છીએ, આથી જીવન ખંડિત થઇ વિભાજનમાં જીવે છે. આપણે ડહાપણપૂર્વક તર્ક કરી કંઇકની સત્ય તરીકે સંકલ્પના કરીએ છીએ, અને તે પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરીએ છીએ, બરોબર? તે સ્વાભાવિકપણે વિભાજન લાવે છે. અને તોડે છે. તમે કંઇક ને સત્ય તરીકે ગ્રહણ કર્યું છે, તેની પ્રતિમા ઘડી છે, તેનો અનુભવ કર્યો છે. અને તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરો છો જેને વાસ્તવિક હકીકત સાથે કંઇ જ નિસબત નથી. આથી આપણું જીવન સદા વિભાજિત રહેલું છે. આ વિભાજન આપણા જીવનમાં સતત ચાલ્યા કરે છે. અને તે આંશિકપણે અપ્રમાણિકતા લાવે છે. આદર્શવાદી ખરેખરમાં અપ્રમાણિક મનુષ્ય છે. હું જે કંઇ બોલું છું એ માટે મને ક્ષમા કરશો. કારણ કે તે પહેલેથી જીવનની સંકલ્પના કરી જીવન જીવવાનો પ્રયત્ન કરે છે. ''મારે મારા આદર્શ પ્રમાણે જ જીવન જીવવું જોઇએ.'' જેને દૈનિકપણે જીવાતા જીવન સાથે કંઇ જ લેવાદેવા નથી હોતી. આથી ત્યાં હમેશાં સંઘર્ષ હોય છે. આથી દાંભિકતા આવે છે. ત્યારે, આ જગતમાં સંપૂર્ણ પ્રમાણિકપણે સમગ્રતાપૂર્વક જીવવું શકય છે ખરું? આંતરિકપણે યોગ્ય અને સાચું કરવાની ભાવના, બાહ્ય રીતે નહી. સર્વ પ્રથમ ભીતરથી, આપણી વર્તણુક, આપણું વર્તન, આપણી વિચાર કરવાની રીત ભ્રમથી મુક્ત કરે છે ખરી? જે કોઇ કાલ્પનિક ખ્યાલ કે વ્યક્તિ પર આધારિત ના હોય એ નિહાળવાની આવશ્યકતા છે. એ માટે પ્રચંડ એવી એકાત્મતાની જરૂર છે. જેથી કરીને પોતાને કદી પણ એવું નહીં કહેશે કે આ મારે માટે સત્ય નથી. પોતાને જે સત્ય લાગે છે. એ કહેવું પણ ઘણું અઘરું છે. કારણ કે, કોઇ કહે આ મારો મત છે અને ખરો છે. અને કોઇ પોતાના મત પ્રમાણે જીવન જીવતો હોય, અને ત્યારે બીજી કોઇ વ્યક્તિ પોતાના દૃઢ મત પ્રમાણે જીવતી હોય ત્યારે ત્યાં બે વચ્ચે ઘર્ષણ ઉદ્‌ભવે છે. અને ત્યારે ત્યાં ઝઘડો હોય છે. બરોબર? આ આપણા દૈનિક જીવનમાં રહેલું સત્ય છે અને શું એવું શકય છે કે જે વસ્તુ જેવી છે તેને તંતોત તેજ સ્વરૂપમાં જોઇ શકીએ. એવી સ્પષ્ટતા આપણી અંદર હોવી જોઇએ. પોતાની ઈચ્છા અને અપેક્ષા પ્રમાણેની નહીં કે સામાન્ય રીતે આપણા જીવનમાં ઘટિત થાય છે. પરંતુ આવું સ્પષ્ટ તર્ક શુધ્ધ તર મગજ જે વ્યક્તિગત ઈચ્છા હેતુ કે બીજાના આધારે કલુષિત થયું ના હોય?

તેથી સમગ્રતા, પ્રમાણિકતા, અખંડતાનો સ્વભાવ એ મગજનો ખરો સ્વભાવ છે. જેની અંદર બીજી કોઇ જ હાલચાલ નથી હોતી. ફક્ત મગજ નો પોતાનો જ લય હોય છે. ઘણું કરીને આ અગમ્ય એવા ગ્રીકનો માર્ગ હશે. આ ઘણું જ ગંભીર છે. કારણ કે આપણે એક જ ઘેરાવામાં ગોળ ગોળ ફર્યા કરીએ છીએ અને કર્મ કરીએ છે. અને આપણે કદી પણ તે ઘેરાવાને તોડતા નથી. આમ સતત એક જ ઘેરાવામાં રત એવું મગજ મંદ બની જાય છે, એટલું નહી. પરંતુ યાંત્રિક એવા જીવન તરફ આપણને દોરી જાય છે. અને યાંત્રિક જીવન પ્રમાણિક નથી હોતું. ફરી ફરી તેજ બાબતની પુનરૂક્તિ કર્યા કરે છે. અને જીવન કંટાળામય બની જાય છે. આથી શાશ્વત, અચલ, અખંડ અને સંપૂર્ણ હોય એવી પ્રમાણિકતા શોધવી એટલે મગજની એવી અવસ્થા પામવી કે જે મગજમાં કોઈજ હાલચાલ ના હોય. અને આજ ધ્યાન તો એક ભાગ છે.

સાનેન ૧૯૮૪, પ્રશ્નોત્તર સભા ૩

## સંપાદકીય

પ્રમાણિકતા એટલે શું? આ બાબતની વ્યાખ્યા કરી શકાય નહી. છતાં પણ સ્વયં સાથે અને અન્ય સાથે સંવાદ સાધી અને શક્ય થાય એટલી સ્પષ્ટતા માટે વિચાર કરવાની આવશ્યકતાની જરૂર ખરી. આજના ભ્રષ્ટ સમાજના વાતાવરણમાં તેની ઘણી બધી આવશ્યકતા છે.

પ્રમાણિકતા એ મનની એવી અવસ્થા છે કે જે સ્થિર અને અભ્રષ્ટ હોય એવું કહી શકાય. આપણામાંથી ઘણા લોકો માટે પ્રમાણિકતાની અવસ્થા એક કલ્પના છે, કે સ્વપ્ન છે છતાં પણ મન તે તરફ ઝૂકે છે. વિશેષ કરીને જે લોકોને શુધ્ધ મનની અભિલાષા હોય છે. જે  સમાજની અવદશા જોઇને વ્યથા અનુભવે છે. તેવા માણસો પ્રમાણિકતાની શોધમાં હોય છે.

જ્યારે આપણે પ્રમાણિક બનવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેમાં ઢોંગીપણાનો ભાવ કે દર્પ હોય છે. આપણે વિચાર કરીને પ્રમાણિક થઇ શકીએ નહીં અને તેમાં અપ્રમાણિકતા દેખા દે છે. ત્યારે શુધ્ધ પ્રમાણિકતા કેવી રીતે આવે એવો એક સાહજીક પ્રશ્ન થાય છે. જીવનને કોઇ જુદી રીતે જોતા માણસને તેની તાલાવેલી હોય છે.

જ્યારે સર્વત્ર અપ્રમાણિકતા દેખાય છે. ત્યારે તે આપણી અંદર પણ છે. આપણે પણ તેવા જ છીએ એની ઓળખ થવી એ ઘણી મહત્ત્વની બાબત છે. જે પ્રકારના માનવ સમાજમાં આપણો ઉછેર થયો છે. ત્યારે સમાજમાં રહેલી અપ્રમાણિકતા જાણતા અજાણતા આપણી અંદર પણ પ્રવેશી જાય છે. અને એ વાસ્તવિકતાને જોવાની આપણી અંદર ધીરજ હોવી જોઇએ.

તે જોવું એ કઠીણ છે, એના કરતા આપણું અંતર મન તે સ્વીકારવા માટે તૈયાર હોતું નથી. તેથી તે સત્યને ઢાંકી દે છે અને અસત્યને આગળ કરે છે. ખરેખરમાં આપણો નિજી સ્વાર્થ જ આપણાને ખોટું કરવાને પ્રેરિત કરે છે. અને ખોટું કરાવે છે. આમ એક પ્રકારે આપણો આપણા નિજી સ્વાર્થના ગુલામ કે કઠપૂતળી જેવા છીએ. ભલે આપણે ત્યાં સુધી જઇ નહીં શકીએ, આથી સત્ય, અસત્ય થઇ જતું નથી. સત્ય તો સત્ય જ રહે છે. આપણે ફક્ત આપણી મર્યાદા અને તેની વાસ્તવિકતા જોઇ શકીએ. પળે પળે જાગ્રત રહીએ અને પ્રયત્ન કરીએ ત્યારે તે મર્યાદા જ વાસ્તવિકતા છે. અને હકીકત છે એનું આપણને ભાન થાય છે.

આ મર્યાદાને આપણે નિખાલસપણે સ્વીકારીએ તો તેજ આપણને યોગ્ય દિશાનું સૂચન કરવા માટે ઉપયોગી બને. કૃષ્ણમૂર્તિ કહે છે, ‘‘જે વાસ્તવિકતા છે તેને નિહાળો’’ તેમનું આમ કહેવાનો મર્મ આજ હશે.

## શાની સાથે પ્રમાણિક હોવું ?

તમને ખબર છે જીવનમાં સર્વાધિક કઠણ બાબત એટલે પ્રમાણિક રહેવું એ છે. શાની સાથે પ્રમાણિક રહેવું? તમે મારો સવાલ સમજ્યા? મારે પ્રમાણિક રહેવું છે. પ્રમાણિક એ એક શબ્દ છે, મનની ખરેખર પ્રમાણિક અવસ્થા નહીં કે જે પ્રમાણિક છે. એ શબ્દનો અર્થ મૂળમાં એવો છે કે સ્પષ્ટતાપૂર્વક વિચાર કરવો. ચોક્કસ એવો વિચાર કરવો. તમને જે કંઇ ખબર છે, બરોબર તેજ બોલવું.-કહેવું કંઇક, વિચારવું કંઇક. અને જુદું જ કંઇ કરવું અને વળી ત્રીજું જ કંઇ કરવું. મોટાભાગના આદર્શવાદી એજ કરી રહ્યા છે. તેઓ એક બાબત વિચારે છે, અને બીજું જ કંઇ કરે છે. મારે મન આ તદ્દન અપ્રમાણિકતા છે. પ્રમાણિકતા ત્યારે જ હોય છે. તમને જે લાગે છે તેજ તમે બોલો છો. બે અલગ અર્થ કર્યા વગર. બે જુદા વિચાર કર્યા વગર. જે કોઇ પ્રમાણ કે નમૂનાની સાથે સિધ્ધાંત કે આદર્શ સાથે બંધાયને જીવતા ના હોય. ત્યારે તમે સ્વયં સાથે પ્રમાણિક હોવ છો. તમે જે કંઇ વિચારો છો, સમજો છો. તમે તેજ કરો છો ત્યારે વિચાર અને કર્મમાં વિરોધાભાસ નથી.

આપણામાંથી મોટાભાગના લોકો બિલકુલ પોતાની સાથે અપ્રમાણિક છે. કારણકે આપણે બીજા લોકો જે કંઇ ઇચ્છે છે, કંઇ કહે છે. તેની સાથે તરત જ સુમેળ સાધી લઇએ છીએ. આપણે આપણી ભાવના, આપણી કલ્પના, આપણા પોતાનો હેતુ દાબી દઇએ છીએ. કારણકે આપણે જ્યારે આપણાથી મોટા, અધિક લોકપ્રિય, અધિક પ્રભાવી વ્યક્તિના સંપર્ક આવીએ છીએ ત્યારે આ બાબત ઘટે છે. આથી આપણે દંભી બની જઇએ છીએ. તમે જગતના રાજકરણમાં આ બધુ સ્પષ્ટપણે જોઇ શકોછો અને આપણા દરેકની અંદર એક રાજકારણી છુપાયેલો છે. ત્યારે પૂર્ણપણે પ્રમાણિક હોવું શક્ય છે? કોઇ ચોક્કસ આદર્શ કે તત્ત્વની સાથે પ્રમાણિક હોવું એમ નહીં, કારણ કે તે પ્રમાણિકતા નથી. જો હું કોઇ આદર્શને કેળવતો હોઉં, ત્યારે હું બેવડું જીવન જીવતો હોઉં છું. આ બાબતનું તમારી અંદર નિરીક્ષણ કરો. જો હું અહિંસાને કેળવતો હોઉં છું કારણકે હું ખરેખરમાં હિંસક છું. ત્યારે મારી અંદર માનસિક સ્તરે શું ઘટિત થાય છે? ત્યારે હકીકત એક બાબત છે અને આદર્શ બીજી બાબત છે. હકીકતમાં હું હિંસક છું અને અહિસંક થવાનો પ્રયત્ન કરુ છું. પરંતુ એમ કરવામાં હું હિંસાના બીજની જ વાવણી કરું છું. કારણ કે વાસ્તવિકતા એક છે અને આદર્શ બીજી બાબત છે. આમ કહેવું ઘણું કઠોર લાગતું હશે. પણ એને નિહાળો એને તપાસો. એક આદર્શવાદી અપ્રમાણિક માણસ છે. જે માણસ સિધ્ધાંતોનું અનુશરણ કરે છે તે અપ્રમાણિક માણસ છે. જ્યારે માણસ કંઇક ને કેળવવાનો પ્રયત્ન કરે છે. જે પોતે ખરેખરમાં નથી, ત્યારે તે માણસ અપ્રમાણિક હોય છે. પરંતુ જ્યારે તેને હકીકતમાં પોતે જે છે એનું આકલન થાય છે. ત્યારે તે ઘણો પ્રમાણિક હોય છે. ત્યારે સમસ્યા એ હોય છે કે જે છે એનાથી પર કેમ થવું?

તમને સમજાયું? દા.ત. તમે વિષયાસક્ત છો. તેમાં રહેલી બધી ગૂંચવણ સાથે અને તમે વિષયાસક્ત ન થવાના પ્રયત્ન કરો. કારણકે તમે ક્યાંક વાંચ્યુ હોય કે તમને એ કહેવામાં આવ્યું હોય કે જો તમે વિષયાસક્ત હશો તો તમે સત્યને પામી ના શકો. પરંતુ તમે આ કે તે થઇ શકો નહીં. તમે વિષયાસક્તિ ને દબાવી દો. સત્ય એ છે કે તમે વિષયાસક્ત છો. અને જ્યારે તમે વિષયાસક્ત ના થવાનો પ્રયત્ન કરો. ત્યારે તમે તમારી જાત સાથે અપ્રમાણિકતાની રમત

રમો છો. ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ વિષયાસક્તિથી મુક્ત થવું કેવી રીતે શક્ય છે? આ ખરેખરો સવાલ છે. પરંતુ વિષયાસક્ત કેવી રીતે થવું નહીં એ પ્રશ્ન નથી. કોઇ માણસને ગુસ્સો આવે અને તે એમ કહે કે ''હું હવે કદી પણ ગુસ્સે થઇશ નહીં.'' ત્યારે તે પોતાની જાત સાથે પ્રમાણિકપણે રહેતો નથી. પરંતુ જો તે એમ કહે કે ''હું ગુસ્સામાં છું; એનો મને ખ્યાલ આવી ગયો છે. હું નિહાળું છું કે હું ગુસ્સામાં છું.'' મારે એનાથી પર કેવી રીતે થવું? ત્યારે તે પ્રશ્નમાં પ્રમાણિકતા છે. પણ કેવી રીતે એનાથી મુક્ત થઇ શકું એમ નહીં, પરંતુ મને ગુસ્સો ના આવે એવું મન હું કેવી રીતે મેળવું? તમને આ સમજાયું?

ત્યારે પ્રશ્ન એ છે કે આપણે અહીં આગળ છીએ. માનવજાત જે બેજવાબદાર છે. ઉદાસીન અસંવેદનશીલ, અપ્રમાણિક છે. અનેક પ્રકારના દુઃખ અને સંકટોમાં સપડાયેલી છે. એની પેલે પાર જવાનું આપણને કેવી રીતે શકય છે? અને વિભાજન કરતી બાબતોની પેલે પાર જવું શકય છે? તમને મારો પ્રશ્ન સમજાયો?

રાજઘાટ ૧૯૬૭, વાર્તાલાપ ૨

## પ્રમાણિકપણું એટલે શું?

કોઇ તત્ત્વ, કોઇ પ્રકારનો આદર્શ કે કોઇ ઉદાત્ત સૂત્રનું ચિંતનમનન કરવું ત્યારે ત્યાં પ્રમાણિકતા હોય શકે? ત્યારે સ્પષ્ટ એવું આંતરિક જ્ઞાન, વાસ્તવમાં જે છે તેનું દર્શન કરવું એ શક્ય થઇ શકે? જો મન ગૂંચવડામાં હોય ત્યારે સહજપણે સરળતા અને પ્રમાણિકતા નું હોવું શક્ય બને? જ્યારે સૌંદર્ય વિશેનો ખ્યાલ કે માપધોરણ હોય ત્યારે ત્યાં સૌંદર્યનું અસ્તિત્વ હોઇ શકે? જ્યારે 'જે છે' અને જે હોવું જોઇએ એવું વિભાજન હોઇ ત્યારે ત્યાં પ્રમાણિકતા હોઇ શકે? કે પછી માત્ર માનસિક રીતે સુધારેલી માન્યતા ધરાવતી અપ્રમાણિકતા જ હોય છે? પ્રત્યક્ષપણે 'જે છે' અને જે હોવું જોઇએ એવી આ બે દ્વિધાની અંદર આપણો ઉછેર થયો છે. આ બે વચ્ચેના મધ્યની અંદર રહેલા કાળ અને અવકાશમાં આપણું સર્વ શિક્ષણ, આપણી નીતિમત્તા અને જીવનની ગડબડ સમાવિષ્ટ છે. આપણું ધ્યાન કે લક્ષ એક વખત એક તરફ તો કોઇ વખત બીજી દિશામાં ખેંચાતુ રહે છે. અને વિચલિત હોય છે. એક અવસ્થામાં ભય ઉદ્‌ભવે છે તો બીજી અવસ્થામાં આશા ઉદ્‌ભવે છે. પ્રમાણિકતા, અને નિખાલસતા આવી અવસ્થામાં હોઇ શકે, સમાજ જેને શિક્ષણ કહે છે, એમાં? જ્યારે આપણે એમ કહીએ છીએ અમે અપ્રમાણિક છીએ. ત્યારે આપણો અભિપ્રાય તુલનાત્મક હોય છે. આપણે જે બોલીએ છીએ અને 'જે છે' એ વચ્ચેની તુલના. આપણે જે બોલીએ છીએ તે મનમાં નથી હોતું. એવું કંઇ આપણે બોલીએ છીએ. ત્યારે કદાચિત બીજાને દિલાસો આપવાની આપણી ઇચ્છા હોય અને ખરેખર જે છે એ બોલવા માટેની નબળાઇથી શરમાતા હોઇએ છીએ. તેથી મનની નબળાઇ અને ભય આપણને અપ્રમાણિક બનાવે છે. જ્યારે આપણે સફળતા તરફ દોડીએ છીએ ત્યારે એ ચોક્કસ છે કે આપણે કંઇક અંશે અપ્રમાણિક હોઇએ છીએ. બીજાના તાલ પર નાચવું પડે છે. આપણો સ્વાર્થ સાધના માટે આપણે ધૂર્ત અને કપટી બની જઇએ છીએ. કે પછી આપણને સત્તા પ્રાપ્ત થઇ હોય કે ઉચ્ચપદ પ્રાપ્ત થયું હોય. તેને ટકાવી રાખવાની આપણી ભાવના હોય છે. તેથી બધાજ પ્રતિકાર, બધા પ્રકારનો બચાવ એ અપ્રમાણિકતાનું એક સ્વરૂપ છે. પ્રમાણિક હોવું એટલે પોતાના વિશે કોઇપણ પ્રકારનો ભ્રમ ના હોવો. એટલું જ નહીં પણ સુખભોગ અને અપેક્ષાનું કોઇપણ બીજ આપણી ભીતર ના હોવું.

*એકમેવ પરિવર્તન*, યુરોપ પ્ર. ૧૯

## પ્રમાણિકતા એ અપ્રમાણિકની વિરુધ્ધ બાજુ નથી

પ્રમાણિકતા એ ઘણી ગૂંચવણભરેલી બાબત છે. તમે કોઇ બાબત સાથે શા માટે પ્રમાણિક છો અને શાને માટે? તમે તમારી જાત સાથે પ્રમાણિક રહી શકો જેથી તમે બીજા સાથે પણ સારા રહી શકો? જ્યારે આપણે કહીએ છીએ કે આપણે પ્રમાણિક હોવું જોઇએ. શું એ શકય છે? પ્રમાણિકતા એ શું કોઇ આદર્શ છે? આદર્શવાદી કદી પ્રમાણિક હોઇ શકે? તે ભૂતકાળમાંથી સર્જેલા ભવિષ્યકાળમાં જ રાચતો હોય છે, મનુષ્ય જે છે અને જે હોવું જોઇએ એના દ્વંદ્વમાં ફસાયેલો છે. આથી તે કદીપણ પ્રમાણિક હોઇ ના શકે. શું તમે તમારી જાત સાથે પ્રમાણિક છો? શું એ શકય છે? તમે વિવિધ પ્રકારની ક્રિયાના કેન્દ્ર છો, કેટલીક વખત તે વિરોધાભાસી વિચાર હોય છે, ભાવના અને અપેક્ષા હમેશા એકબીજાની વિરુધ્ધમાં હોય છે. કયો વિચાર અને કઇ ઇચ્છા પ્રમાણિક છે કે નહીં? આ તમને પ્રભાવિત કરવા માટે પુછવામાં આવેલો પ્રશ્ન કે ચતુરાઇ ભરેલું પ્રતિપાદન નથી. સંપૂર્ણપણે પ્રમાણિક હોવું એ શોધી કાઢવું ઘણું જ અગત્યનું છે, કારણકે આપણે અંતરદષ્ટિ, (પ્રજ્ઞા) ત્વરીત કર્મ એ શું છે એની શોધ લઇ રહ્યા છે. અંતરદષ્ટિના આશય ને ઘણી જ ગહનતાથી સમજવું એ અત્યંત મહત્ત્વનું છે, કારણકે પૂર્ણપણે એકાત્મતાના ગુણને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તે એકાત્મતા જે સમગ્રતામાં રહેલી પ્રમાણિકતા છે.

કોઇ માણસ, કોઇ આદર્શ સાથે, સિધ્ધાંત સાથે એના હૃદયમાં રહેલી શ્રધ્ધા બદલ પ્રમાણિક હોઇ શકે. પરંતુ ચોક્કસપણે એ પ્રમાણિકતા નથી. પ્રમાણિકતા ત્યારે જ હોઇ શકે જ્યારે દ્વૈતનું ઘર્ષણના હોય, જે છે એની વિરુધ્ધમાં કંઇ જ નહીં હોય. અંધકાર અને પ્રકાશ રાત અને દિવસ, સ્ત્રી અને પુરુષ ઊંચો અને ઠીંગણો વગેરે ફરક હોઇ શકે, પરંતુ વિચાર તેને વિરુધ્ધ બનાવે છે. અને અરસપરસમાં વિરોધનું સર્જન કરે છે. માણસે માનસિક સ્તરે ઊભારેલા વિરોધ વિશે આપણે સ્પષ્ટતા કરી રહ્યા છીએ. પ્રેમ એ ઈર્ષાની ને ધિક્કારની વિરુધ્ધમાં નથી. જો એવું હોય તો ત્યાં પ્રેમ નથી. નમ્રતા એ ઉધ્ધત્તાઇ અને ગર્વિષ્ઠાની વિરુધ્ધ વસ્તુ નથી. જો એમ હોય તો તે ઉધ્ધતાઇ અને ગર્વિષ્ઠાનો જ અંશ છે. તે નમ્રતા હોઇ શકે નહીં. નમ્રતા એ બધાથી અલગ એવી અવસ્થા છે. જે મન નમ્ર છે તેને તેની ખબર પણ નથી હોતી. પ્રમાણિકતા અપ્રમાણિકતાની વિરુધ્ધ બાજુ નથી.

કોઇ પોતાના વિશ્વાસ પ્રતિ કે ખ્યાલ કે શ્રધ્ધા પ્રતિ સાચો હોઇ શકે, પરંતુ તેની આવી સચ્ચાઇ ઘર્ષણનું નિર્માણ કરે છે, અને જ્યાં ઘર્ષણ હોય છે. ત્યાં પ્રમાણિકતા નથી હોતી. માટે આપણે પુછી રહ્યા છીએ કે કોઇ પોતાની જાત પ્રતિ પ્રમાણિક હોઇ શકે? તમે એટલે અનેક ગતિનું મિશ્રણ છો; જ્યાં આગળ એકબીજાને ઓળંગવાનું છે એકબીજા પર આધિપત્ય ભોગવવાનું છે ક્યારેક એકબીજાનું અનુશરણ કરવાનું છે. જ્યારે આ બધી વસ્તુ એકત્રિતપણે અવિરત ચાલતી હોય ત્યારે ત્યાં પ્રમાણિકપણું રહેલું છે. પરંતુ જ્યાં જ્ઞાત અને અજ્ઞાત સારુ અને ખરાબ વચ્ચે વિભાજન હોય છે. જે વિભાજન વિચારનું સર્જન છે. અને ત્યારે તે વિભાજનમાં દ્વંદ્વ (ઘર્ષણ) સમાવિષ્ટ છે. સાલસતાની સામે કંઇ જ વિરુધ્ધ નથી.

*The Whole Moveement of Life is Learning*, પ્ર. ૧૬

## અમારા વાચકોને ઉદ્દેશીને

**મ** ૨૦૧૩ માં ભારત, ઈંગ્લેન્ડ, અમેરિકા અને સ્પેનના કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના કેટલા વિશ્વસનીય સભ્યોએ ઈંગ્લેન્ડનાં બ્રૉકવુડ પાર્કનાં અધ્યયન કેન્દ્રમાં એકત્રિત થયા હતા. કૃષ્ણમૂર્તિના શિક્ષણના વિષયમાં એક સંવાદ સાધવામાં આવ્યો હતો. દરેક દેશમાં ફાઉન્ડેશન તરફથી ચાલતી શાળા અને અધ્યયન કેન્દ્રમાં ચાલી રહેલા કાર્યના વિષયમાં વિચાર વિનિમય કરવો એ ઉદેશ હતો. કૃષ્ણમૂર્તિની અધ્યયન કેન્દ્ર વિષેની ભવિષ્યની દૃષ્ટિ અને તેજ પ્રમાણે ઉત્સાહી અને ગંભીર લોકો જેઓ કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવન વિષે ગંભીરતાથી વિચારે છે તેઓને કૃષ્ણમૂર્તિનું મહત્ત્વનું શિક્ષણ તેમના સુધી કેવી રીતે પહોંચાડવું એ ચર્ચાનો મુખ્ય વિષય હતો.

મૃત્યુના કેટલાક વર્ષ પૂર્વે ૧૯૮૨માં કૃષ્ણમૂર્તિએ કહ્યું હતું. ''આપણે નાના તરુણ બાળકો માટે ઘણું બધું કર્યું છે. આપણી અનેક શાળાઓ છે. હવે પ્રૌઢો માટે કંઇક કરવાનો સમય આવી ગયો છે.'' તેમને એવું લાગતું હતું કે નોકરી, કુટુંબની જવાબદારી અને જીવનને લગતી અનેક બાબતોને કારણે તેઓને શિક્ષણમાં ગંભીરતાથી ધ્યાન આપી શકતા નથી. આથી આવા લોકો માટે તેમને અધ્યયન કેન્દ્ર સ્થાપવા હતા. કે જ્યાં આગળ તેમના શિક્ષણના પુસ્તકો ઉપલબ્ધ હોય. ઑડીયો, વિડીયો, કેસેટો પણ ઉપલબ્ધ હોય. અને લોકો પોતાની અનુકૂળતા પ્રમાણે અધ્યયન કેન્દ્રમાં આવી શાંત મને ચિંતન મનન અને સ્વયંપણે અભ્યાસ કરી શકે જ્યાં કોઇપણ પૂર્વયોજીત કાર્યક્રમ સિવાય ત્યાં પોતાની વિવેકબુદ્ધિથી જ પોતાના જીવનના માર્ગદર્શક બની શકે. આ બાબતમાં તેના અતિ નજીકના માણસો સાથે ચર્ચાવિચારણા કરી કેટલાક વિધાનો રજૂ કર્યા હતા.

અંતરમેળના આ અંકમાં તે વિધાનો અને સંવાદોને પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

## જ્યાં અમૂલ્ય એવો ખજાનો છે

### અધ્યયન કેન્દ્ર વિશે - કૃષ્ણમૂર્તિ

***કૃષ્ણમૂર્તિ :*** મહાશયો, બનારસમાં રાજઘાટમાં, વિચાર કરી શરુઆત કરી કે એવા કેટલા લોકો કે જેનું એ જૂથ છે કે જેઓ માત્ર શાળા સાથે કે કેટલાક ખાસ વિષયો ને શીખવવા માટે બંધાયેલા છે એવું નહીં પરંતુ 'કે' જે વિષે ચર્ચા કરે છે કે કહે છે કે જેને માટે 'શિક્ષણ' એવો શબ્દ વાપરુ છું કે જે અતિ ભવ્ય કે દિવ્ય લાગે છે પણ એને માટે મને એજ શબ્દ યોગ્ય લાગે છે શું અહીં એવા લોકો છે કે જે આ શિક્ષણને મનપૂર્વક વરેલા છે? કોઇ વ્યક્તિ સાથે કે તેની કલ્પના સાથે બંધાયેલા હોય એવા નહીં કે તે વ્યક્તિની પ્રતિમા સાથે પ્રતિબધ્ધ નહીં પણ તે જે કંઇ કહે છે તેની સાથે મનપૂર્વક વરેલા હોય એવા માણસો. વ્યક્તિ મહત્ત્વની નથી. આ મારું શાબ્દીક વિધાન નથી પણ મનપૂર્વકનું વિધાન છે. શિક્ષણ મહત્ત્વનું છે. શું એવા લોકોનું જૂથ છે. ખરું, કે જેઓ પૂર્ણપણે એમાં ડુબેલા છે. તેથી તેવા લોકો કે જે આ શિક્ષણના શિક્ષક પણ છે અને વિદ્યાર્થી પણ છે? એ શિક્ષક અને વિદ્યાર્થી બંને છે. શિક્ષણ તેઓના લોહીમાં છે, તેથી તેઓ માત્ર શિક્ષણને શીખવતા નથી પરંતુ સાથે સાથે શિક્ષણ શીખી પણ રહ્યાં છે. આથી તેઓ શિક્ષક પણ છે અને વિદ્યાર્થી પણ છે. આ કોઇ અહંભાવથી બોલાયેલી બાબત નથી, કે શિક્ષણ વિષેનો માલિકભાવ નથી. મને લાગે છે કે આ શિક્ષણ સમગ્ર માનવજાતને આવરી લેતું શિક્ષણ છે. મને ખબર નથી કે તમે તેનો અભ્યાસ કર્યો છે કે નથી. એ મનુષ્યના સંપૂર્ણ જીવનને આવરી લેતું શિક્ષણ છે. શારીરિક અસ્તિત્વથી લઇ મનુષ્યની ભીતરની ગહનતા સુધી વિસ્તરેલું છે. તેની અંદર એવું કંઇ જ નથી કે કોઇ એક સંપ્રદાયની વિચારણા હોય કે એવું બીજું કંઇ હોય. જ્યારે તમે તેમાં ગંભીરતાથી નિહાળશો ત્યારે તમે બોલી ઊઠશો. અરે, ભગવાન હું મારી અંદર એવી કોઇ અદ્‌ભુત એવી બાબત જોઇ રહ્યો છું. હું કહું છું એટલા માટે નહીં પરંતુ કોઇ એવું અનન્ય જીવનદાયી છે. અને જીવનપ્રદાન કરતી બાબત કદી નષ્ટ થતી નથી. અને આ કદી ના સુકાય એવું ઝરણું છે. મારે માટે આ સત્ય છે. નહીં તો એને માટે મેં એક દિવસ પણ બગાડયો ના હોત.

*Don't Make a Problem of Anything*
ઋષિવેલીમાં થયેલો સંવાદ, ૧૯૮૨

**આ** તથાકથિત શિક્ષણ એટલે સુવ્યવસ્થિત એવું સામાન્ય ડાહપણ છે, એવું 'કે'નું માનવું છે અને એ શિક્ષણમાં અતિ અવધાનનું, સુક્ષ્મતાનું અને પુસ્તકના છેવટના અંત સુધી જવાની અવિરતપણે ચાલતુ અવધાન હોવું જરૂરી છે. જગતના જુદા જુદા ભાગમાં 'કંઇક અંશે' એ શિક્ષણને નકારવામાં આવ્યું છે અને તેના તરફ દુરલક્ષ થતું જાય છે એવું દેખાય છે. હું ઘણી જ સભ્યતાપૂર્વક આ કહું છું. આનાથી વધારે કઠોર શબ્દોમાં મારે કહેવું જોઇએ. આવું બધું થઇ રહ્યું છે. આપણે દર વર્ષે ભેગા મળીએ છીએ, સાનેન (સ્વીત્ઝરલેન્ડ)માં લગભગ છેલ્લા પચીસ વર્ષ સુધી આપણે આ કાર્ય કર્યું છે. અને આપણે એકત્ર થઇ શક્યા નહીં એવું લાગે છે. જીવનની સામાન્ય એવી સરળ બાબત જે 'કે'ના શિક્ષણમાં સમાવિષ્ટ છે અને સંબંધિત છે તે હજી પણ આપણે સમજી શકયા નથી. એવું ભાસે છે. આપણે પુસ્તકના છેવટ સુધી કદી પહોંચી શકશું નહીં એવું લાગે છે.

સાનેનમાં થયેલો સંવાદ,૧૩ જુલાઇ ૧૯૮૪

**ચૈ**ન્નયીમાં વસંત વિહારમાં લોકોને આકર્ષિત કરવા જોઇએ. જેઓ સારી બુધ્ધિમતા ધરાવે અને સારું મગજ ધરાવે છે. એવા લોકોને તમારે જો વૈદીક શાસ્ત્ર, બોધ્ધ ધર્મ કે પછી કોઇપણ બીજી બાબતનો અભ્યાસ કરવો હોય ત્યારે જે એકાગ્રતા અને એકાત્મતા તમે દાખવો છો તેજ પ્રમાણે તેમણે આ શિક્ષણને ('કે'ના શિક્ષણને) ઘણી જ સુક્ષ્મતાપૂર્વક પૂર્ણપણે અભ્યાસ કરવો જોઇએ. આ શિક્ષણની સાથે ગહનતાપૂર્વકની તાદાત્મિયતા સાધવી જોઇએ. શિક્ષણનો અભ્યાસ કરવો એટલે કે તેમાં વપરાયેલા શબ્દોમાં સમાવિષ્ટ સત્યના હાર્દને નિહાળવું જોઇએ. આપણા દૈનિક જીવાતા જીવનના સંદર્ભમાં એક વિદ્વાન અભ્યાસુ પ્રમાણે તેને કોઇપણ વિષયના નિષ્ણાત જોડે સંવાદ સાધતા આવડવો જોઇએ.

આ શિક્ષણનો અભ્યાસ કરતા લોકોમાં સહકારની ભાવના હોવી જોઇએ. સહકાર ભાવના એટલે કોઇ એકાદા કાર્ય માટે એકત્રપણે કાર્ય કરવું એવું નહીં. જ્યારે હું કાર્ય કરતો હોઉં. હું માટી ખણતો હોઉં કે હું કંઇકનો વિચાર કરતો હોઉં. હું તમારો મિત્ર હોઇને અને તમે પણ કંઇ કામ કારતા હોવ અને હું તમારી પાસે દોડતો આવું અને મેં જે કંઇ જોયું કે શોધી કાઢ્યું હોય, તેના વિષે વાતચીત કરું. તમે તે માટે કદાચ શંકા દર્શાવો. તેના વિશે પ્રશ્ન કરો. છતાં પણ હું

તમારી શોધમાં સહભાગી બનું છું. એ મારી શોધ નથી. તે મારી કે અન્ય કોઇની માલિકી નથી. આંતરીક સમજ એ કદીપણ વ્યક્તિગત નથી હોતી અને એની એકબીજા સાથે આપલે કરવી એજ સહકાર્ય છે.

પરંતુ તે પ્રગટપણે કરવાનું નથી. અમેરિકામાં એવા જૂથો છે. જેઓ એકબીજાની સામે જાહેરમાં એકરાર કરે છે. જેમ કે પોતાના ગંદા કપડા જાહેરમાં લોકોની સામે ધોતા હોય.

અને વધુમાં, કે જો હું ખોટા બોલો હોઉં. ત્યારે તમે અને મારા મિત્રોની એ જવાબદારી છે. કારણકે આપણે બધાને આ શિક્ષણમાં રસ છે. આપણે તેનો ગહનતાથી અભ્યાસ કરીએ છીએ અને તેની સાથે આપણું દૈનિક જીવન જીવીએ છીએ. એટલે આપણે જે કંઇ છીએ તે માટે આપણે એકબીજા જવાબદાર છીએ. આપણા દૈનિક જીવનની અંદર સત્યની શોધ લેતા મિત્રોની સૂમેળપણાની ભાવના અને એકબીજા માટેની જવાબદારીની ભાવના છે. અને આજ સહકારવૃત્તિ છે. અને વસંતવિહારમાં રહેતા પ્રત્યેક જણમાં આ સહકાર્યની ભાવના હશે. ત્યારે તેઓ આવું વાતાવરણ ઊભું કરશે જેથી નવા આવનારા લોકોનું પણ પ્રફુલ્લન થઇ શકે.

ઋષિવેલી જતા પ્રવાસ દરમિયાન
એક વિશ્વસ્ત સાથેનો સંવાદ, ૧૯ નવેમ્બર ૧૯૮૩

**આ** વસંતવિહાર હજારો વર્ષ ટકી રહેવું જોઇએ, પ્રદુષિત થયા વગર, એક વહેતી નદીની માફક, કે જેમાં પોતાની વિશુદ્ધી કરવાની ક્ષમતા રહેલી છે. એનો અર્થ એ કે ત્યાં રહેતા લોકોનું કોઇપણ પ્રકારનું આધિપત્ય કે અધિકાર હોવા ન જોઇએ. અને શિક્ષણમાં રહેલા સત્યના તેઓ અધિકારી હોવા જોઇએ.

આ સ્થળ સાલસતાનું પ્રફુલ્લન થાય તે માટેનું છે; કોઇ કાર્ય, કે આદર્શનાં વ્યક્તિગત અધિકારના આધાર વગરનું સહકાર્ય અને અરસપરસનો સંવાદ થવો જોઇએ. કોઇ ખાસ વિષય કે તત્ત્વ, વિશ્વાસ, શ્રધ્ધા વગેરે માટેનો સહકાર અહીં સૂચિત નથી. જે કોઇ આ સ્થળે આવે. પ્રત્યેક માણસ પોતપોતાના કાર્યમાં ગૂંથાયેલો રહે- ભલે બાગમાં કામ કરતો હોય અગર બીજું કોઇ કામ કરતો હોય. પોતાનું કાર્ય કરતા કદાચ એ કંઇક શોધી કાઢે કે એને સમજાય કે જે બીજાને મળી એને સમજાયેલી બાબત કે એણે જે શોધી કાઢ્યું હોય એ વિષે સંવાદ સાધે તેને જે કંઇ શોધ લાગી છે તેમાં કેટલું તથ્ય છે તેના વિશે શંકા અને પ્રશ્નો કરી તેમાં સમાવિષ્ટ સત્યને નિહાળે. એટલે કે ત્યાં એકબીજા સાથેનો સંવાદ સતત થતો રહે. અને ત્યારે ત્યાં કોઇએ પોતાની રીતે શોધી કાઢ્યું હોય એવું કોઇ જ અલગ સત્ય નથી હોતું. કોઇ એકલાને જ તેનું રહસ્ય સમજાયું હોય કે તેને એકલાને જ તે પ્રાપ્ત થયું હોય એવું કોઇ સત્ય નહી. તે અહીં રહેતા બધા માટે છે, એમ સમજી ને અહીં રહેતા બધાની એ જવાબદારી છે કે તેમણે અરસપરસ સંવાદ સાધવો જોઇએ.

આ કોઇ જાતિગત સામાજિક જૂથ નથી, સામાજિક કે સમાન બાબતમાં જેનું હિત અહિત સમાવિષ્ટ હોય એવા લોકોનો વિભાગ, એ પરિભાષા ઘણી જ આક્રમક અને સારી માનવજાતથી અલગ કરતી ગતિ છે. એનો અર્થ એવો થતો નથી. સારી માનવજાત આ સ્થળે આવે છે. મુખ્યત્વે 'કે' ધર્મની બાબતમાં જે કંઇ કહ્યું છે તે અર્થમાં આ એક ધાર્મિક સ્થળ કે કેન્દ્ર છે. આ એક એવી જગ્યા છે જ્યાં વ્યક્તિ માત્ર શારીરિક સ્તરે, સતત સક્રિય હોય એમ નહીં, પરંતુ એ સાથે અહીં શીખવાની એક ગતિ છે તેથી દરેકે એક વિદ્યાર્થી અને શિક્ષકની ભૂમિકા અદા કરવાની છે. આ સ્થળ કોઇ એકાદને દિવ્ય દૃષ્ટિ કે કલાત્મ દૃષ્ટિ, ધાર્મિક દૃષ્ટિ કે પોતાના અંગત ધ્યેયની પૂર્તિ માટે નથી. ખરેખરમાં એકબીજાનો સહકાર સાધી સાલસતાનું પ્રફુલ્લન કરવાની એકબીજાને પોષિત કરવા માટે છે.

આ જગ્યા રૂઢિ, પારંપારિક માન્યતા, વગેરેથી સંપૂર્ણપણે મુક્ત હોવી જોઇએ. ખરેખરમાં અહિં સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. રાષ્ટ્રીયતા, વર્ણભેદ ધાર્મિક સમજ અને શ્રધ્ધા સાથે સંબંધિત ભાવનાથી સંપૂર્ણ મુક્ત, એવી મુક્તતા હોવી જોઇએ. જે કોઇ પ્રમાણિકપણે, સમગ્રતાપૂર્વક કરવા માટે અસમર્થ હોય તેઓએ આ સ્થળથી દૂર રહેવું એ વધારે સારું છે. જ્ઞાન એ મનુષ્યનું દુશ્મન છે એ નિહાળવાની અંતરદૃષ્ટિ મૂળમાં મનુષ્યમાં રહેલી છે.

આ સ્થળ કલ્પનામાં રાચતા અને ભાવુક બની જતા લોકો માટે નથી. એને માટે સારા મગજની આવશ્યકતા છે. એનો અર્થ એવો નથી થતો કે બુધ્ધિવાદી, પરંતુ એવું મગજ જે વસ્તુનિષ્ઠ હોય, મૂળમાં સ્વયં સાથે પ્રમાણિક હોય, જેના કાર્યમાં અને બોલવામાં એકાત્મતા અને સમગ્રતા હોય.

સંવાદ એ ઘણી મહત્ત્વની બાબત છે. પરસ્પર સંવાદનો એવો પ્રકાર છે જેમાં, જ્યાં સુધી પ્રશ્નનો ખુલાસો ના થાય ત્યાં સુધી સંવાદ ચાલુ હોય છે. અને ફક્ત ઉત્તર વગરનો પ્રશ્ન રહે છે. આ રીતે બે વ્યક્તિ વચ્ચે સવાલ ઝૂલતો રહે છે. એ પ્રશ્ન ન ખિલેલી ફૂલની કળી જેવો હોય છે. કારણકે ત્યારે ત્યાં પ્રશ્નકર્તા અને ઉત્તર આપનારનાં અસ્તિત્ત્વનો લોપ થયો હોય છે. સંવાદનું સ્વરૂપ આવું હોય છે, જે ઉત્કટતા અને ગહનતાના એ ટપ્પા પર અન્વેષણ પહોંચે છે. એ એવી ગુણવત્તા છે જેમાં વિચાર કદીપણ એ ટોચ સુધી પહોંચી શકે નહીં. આ કોઇ કાલ્પનિક, અભિપ્રાય, વિવાદાત્મક શોધ નથી. પરંતુ બે કે અધિક એવા લોકોની સાલસબુધ્ધિ દ્વારા થતી શોધ છે.

વનરાઇ, વૃક્ષો, પક્ષીઓ અને શાંતિમય વાતાવરણ હોય એવી આ જગ્યા હોવી જોઇએ. કારણ કે સત્ય એ સૌંદર્ય છે. અને સત્ય એટલે જ સાલસતા અને પ્રેમ, બાહ્ય સૌંદર્ય. બાહ્ય સ્તરે રહેલી શાંતિ એ આંતરિક સ્થિતિ પર અસર કરે છે. પરંતુ વાતાવરણનો પ્રભાવ આંતરિક સૌંદર્ય પર પડવો જોઇએ નહીં. જ્યારે 'સ્વ'નું અસ્તિત્વ નથી હોતું ત્યારે સુંદરતા હોય છે.બાહ્ય વાતાવરણ અતિશય વિલક્ષણ હોવું જોઇએ ત્યાં મનને ગ્રસિ લેતી એવી કોઇ બાબત હોવી ના જોઇએ. જેમ કોઇ બાળક રમકડાથી આકર્ષિત થઇ જાય. એવી મનને ગ્રસિ લેતી બાબત જ્યારે નહીં હોય ત્યારે એકાત્મતા અને આંતરિક ગહનતા હોય છે જે વિચારનો પરિપાક નથી.

તેજ પ્રમાણે જ્ઞાન એ સૌંદર્ય નથી, પ્રેમ એ સૌંદર્ય છે. જ્યાં આગળ જ્ઞાન હોય છે ત્યાં સૌંદર્ય નથી હોતું.

પ્રશ્નની ગહનતા જ સ્વયંનો સાચો ઉત્તર લઇ આવે છે. આ કોઇ બૌધ્ધિક જ્ઞાન કે મનોરંજન નથી કોઇ સિધ્ધાંતનું અનુશરણ નથી. શબ્દ એજ કર્મ છે. તે કદી અલગ ના હોઇ શકે. જ્યાં શબ્દ એ કર્મ છે ત્યાં એકાત્મતા હોય છે.

પ્રજ્ઞા ત્યાં જ પાંગરે છે જ્યાં પ્રેમ અને કરુણા હોય છે. જ્યાં બુધ્ધિ (મગજ) પ્રતિબધ્ધ હોય અથવા કશામાં અટકેલું હોય ત્યારે ત્યાં કરુણા ના હોઇ શકે. સામાન્ય સમૂહ સાચું અધ્યાત્મ કેન્દ્ર ઊભારી ના શકે. આધ્યાત્મિક કેન્દ્રની તાકીદી છે કે આપણે જે કંઇ કાર્ય કરીએ છીએ તેમાં સર્વોત્તમ ગુણવતા હોવી જોઇએ. અને મગજની ઉચ્ચતમ ક્ષમતા હોવી જોઇએ. સામાન્ય શબ્દનો પૂર્ણ અર્થ મંદ, જ્ઞાનથી ભારેખમ હોય એવું.

સાલસતાનું પાંગરવું, એ ભવિષ્યમાં કોઇ આદર્શ કે સિધ્ધાંતનો પીછો કરી સાધવાનું લક્ષ નથી. આપણે કોઇ કલ્પના રંજિત માન્યતાને પ્રસ્થાપિત કરતા નથી. આતો કઠોર વાસ્તવિકતાનો વ્યાપાર છે.

તમે એને ભવિષ્યમાં કંઇ પ્રાપ્ત કરવું એવું કહી શકો. ભવિષ્ય એ વર્તમાનકાળ છે. વર્તમાન એ ભૂત અને ભવિષ્ય બંને છે, એ આખુ માળખુ વિચાર અને સમયનું ઘડતર છે.

પરંતુ જે કોઇ કોઇક વખત નહીં પરંતુ દરરોજ મૃત્યુ સાથે જીવતો હોય ત્યારે બદલાવ નથી હોતો. બદલાવ એટલે ઘર્ષણ ઝઘડો અને સમયની વેદના. જ્યાં જ્ઞાનનો સંગ્રહ નથી. તેની સાથેની સાઠમારી નથી. ત્યાં કોઇ બદલાવ નથી. કારણકે ત્યાં તમે મૃત્યુ સાથે સાતત્યથી જીવો છો.

આપણા પાયાનો પહેલો પથ્થર એ ધાર્મિક હોવો જોઇએ.

વસંત વિહારમાં એક ટ્રસ્ટીને લખી લેવા કહ્યુ
હથુ એ-૨૬/૨૭ જાન્યુઆરી, ૧૯૮૪

**મ**ને એવું લાગે છે કે અધ્યયન કેન્દ્ર એ આવશ્યક બની ગયું છે. કારણકે તે એવી જગ્યા છે જ્યાં ખજાનો ભર્યો છે. બરોબર? તે ખજાનામાંથી તમને ઘણું બધું મળી શકે છે. તમને તમારી ક્ષમતા, તમારી ઊર્જા પ્રાપ્ત થઇ શકે, તમારું ભરણપોષણ થઇ શકે. ઘણી વસ્તુ તમે મેળવી શકો. શાળાને તેની મર્યાદા છે, બરોબર? આ મારે કેવી રીતે કહેવું એ મને સમજાતું નથી. આ પવિત્ર એવું કંઇક છે, અત્યાર પૂરતું આપણે એમ કહીએ અને પવિત્રતામાંથી જ બધું પ્રવાહિત થાય છે.

ઋષીવેલી અભ્યાસકેન્દ્રમાંનો સંવાદ, ૧૯ ડિસેમ્બર, ૧૯૮૫

**હ**વે બ્રૉકવુડ પાર્ક (ઈંગ્લેન્ડમાં) શાળા સિવાય ઇતર કંઇ ઘણું હોવું જોઇએ. જેઓને શિક્ષણ માટે જેઓ ઘણી ગહનતાપૂર્વક રસ ધરાવે છે, એવા લોકો માટે આ કેન્દ્ર હોવું જોઇએ. એવી જગ્યા એવા લોકો રહી શકી અભ્યાસ કરી શકે. પુરાતનકાળમાં આશ્રમો હતા. એટલે શાંત એવું એકાંત સ્થળ. તે એવી જગયા છે જ્યાં આગળ લોકો આવી પોતાની ઉર્જા એકત્ર કરી, જીવનની ધાર્મિકતાના વિષયમાં ગહનતાપૂર્વક ચિંતન મનન કરી તેની શોધ લે. અર્વાચીન સમયમાં આવા સ્થળે એકાદ પ્રકા-ના નેતા, ગુરુ, મહાધિપતી કે ધર્માધ્યક્ષ હોય છે, જે માર્ગદર્શક હોય છે. આ શિક્ષણ સ્વયંમા આવા સ્થળે એકાદ પ્રકારના નેતા, ગુરુ, મહાધિપતી કે આ શિક્ષણ સ્વયંમાં જ સત્યને ઉદ્ઘાટિત કરે છે. તે સત્યની જેઓ ગંભીર છે તેઓજ સ્વયં શોધ કરવાની છે. આ વાત ફક્ત બ્રૉકવુડ પાર્કના અનુસંધાનમાં જ નહીં પરંતુ કૃષ્ણમૂર્તિના બધા જ ફાઉન્ડેશનની બાબતમાં હોવી જોઇએ.

બ્રૉકવુડ પાર્કમાં થયેલો સંવાદ, ૧૯૮૩

**'કે'** જ્યારે આવતીકાલ પછી અહીં નહી હશે ત્યારે તમે આ કેન્દ્રનું શું કરશો? આપણે બધા એકત્રપણે એક મત થયા છીએ કે, સંવાદ માટે જગ્યા હોવી જોઇએ, એવી જગ્યા જ્યાં લોકો ભેગા થઇ શાંતિથી રહી શકે અને સંવાદ સાધી શકે. જગતના ઘોંઘાટથી દૂર ને એમાં ગૂંચવાયેલા નહીં રહે. શું તમે આ બધી બાબત માટે તજવીજ કરશો? ભારતમાં બ્રૉકવુડમાં ઓહાયમાં અને કેનેડામાં.

હું સીઍટલથી આવું, તમે અહીં કેન્દ્રમાં છો, તમારું એક જૂથ. હું સારો એવો બુધ્ધિમાન છું. હું તમારી સાથે સંવાદ કરવા ચાહું છું. ભય વિશે ગહનતાપૂર્વક નો સંવાદ કરવા ચાહું છું. ઔષધોપચારની દૃષ્ટિએ નહીં. મારે ભયનો અંત લાવવો છે. મને તેના વિશેનું મહત્ત્વ સમજાય છે. અહીં આવી તમારી સાથે ચર્ચા કરી મારા ભયનો અંત આવશે એવી આશા રાખું છું.

*CW :* આ વ્યક્તિને ભયની બાબત વાંચવા માટે કોઇ પુસ્તક આપવું શક્ય છે?

*કે (K) :* હા, હું વાંચીશ, મેં એ વાંચી લીધું છે. મેં કૅસેટ પણ સાંભળી છે.

*CW :* અને પછી એકત્ર રીતે ચર્ચા કરવી?

*કે (K) :* હા, હું તેજ ઇચ્છુ છું... મારો ઉદ્દેશ ભયમાંથી મુક્ત થવાનો છે. તમે એને કેવી રીતે હાથ ધરશો? શું તમે એમ કહેશો, કે માફ કરો. હું તમને ભયમુક્ત થવામાં મદદ કરી શકુ નહીં. પરંતુ આપણે એ ભયના વિશે સંવાદ સાધી શકીએ. હું પણ મારા ભયનો અંત લાવી શક્યો નથી. તેથી આપણે બંને ભેગા મળી ભયના કારણને શોધી કાઢીએ? કારણકે ભયનો અંત લાવવો એ આપણી તાકીદી છે. તેથી શું આપણે ભયનો અંત લાવવા એકબીજાને મદદરૂપ થઇ શકીએ? શું તમે એ પ્રમાણે કહેશો? અહીં કોઇ આધિપત્યની ભાવના નથી. હું પણ મારા ભયનો અંત લાવી શક્યો નથી. તમે પણ ભયનો અંત કરી શકયા નથી. દરરોજ કે એક દિવસ છોડીને એકત્ર બેસીને શાંતિથી ચર્ચા કરીને અત્યંત ઊંડાણમાં ઉતરી આપણે સંવાદ શાધીએ તો ભયનો અંત લાવવામાં આપણે એકબીજાને મદદરૂપ થઇ શકીએ. તમે જો આ કરી શકતા હોવ તો હું સીઍટલ કે જમૈકાથી પણ અહીં આવીશ.

*Perfume of the Teachings*
ટ્રસ્ટી સાથે સંવાદ, ૧૯૭૭

***પ્રશ્નકર્તા :*** તમે છેલ્લા સોળ મહિનાથી શાંત એકાકી સ્થળમાં રહો છો. આ તમારા જીવનમાં પ્રથમ વખત બન્યું છે. એનું કોઇ વિશેષ મહત્ત્વ કે મર્મ છે જે અમે જાણી શકીએ?

*કૃષ્ણમૂર્તિ :* શું તમને કોઇવખત એવું નથી લાગતું આવા સ્થળે જઇ ઘણી બધી બાબતની શોધ લેવી જોઇએ? ફરી ફરી પુનરાવર્તન કરતા યંત્ર ન બનતા, વક્તા, સ્પષ્ટીકરણ કરનારા વિવરણ કરતા નહીં બનતા? શું તમને આવુ કંઇ કરવું જોઇએ એવું લાગતું નથી. શાંત રહેવું, સ્વયં વિશે વધુને વધુ જાણવું એવું લાગતું નથી? તમારામાંથી કેટલાક લોકોએ કરવા માગે છે. પરંતુ આર્થિક દૃષ્ટિના કારણે તમે તે કરી શકતા નથી. તમારાથી કેટલાક જણાને એમ કરવું છે, પરંતુ કુટુંબની જવાબદારી અને સંસારની કેટલી બાબત તેમને માટે અવરોધ બની જાય છે, જે કંઇ હોય, શાંત એવા એકાંત સ્થળે જઇ આપણે જે કંઇ કર્યું હોય તેની તપાસ કરવી એ સારી વાત છે. તમે જ્યારે આ કરો છો ત્યારે તમને એવા અનુભવની પ્રતિતી થાય છે. જેની ઓળખ થતી નથી કે જેનો અર્થ વ્યક્ત થયો નહીં હોય.

મને લાગે છે કે તમે જે કંઇ કરતા હોય એ થોડો વખત બાજુ પર રાખી આવા શાંત સ્થળે જવું જોઇએ. તમારી માન્યતા, તમારા બધાજ અનુભવ સંપૂર્ણપણે અટકાવી દઇ તેને નવી દૃષ્ટિથી નિહાળવા જોઇએ. યંત્રની જેમ એ વસ્તુનું પુનરાવર્તન કરવું ના જોઇએ. તમને તેમાં વિશ્વાસ હોય કે નહીં હોય. આ ઘણું જ જરૂરનું છે એવું મને લાગે છે. આથી તમે તમારા મનની અંદર તાજી એવી હવાને પ્રવેશવા દો છો. શું એવું કરશો કે નહીં? એનો અર્થ તમે તદ્દન અસુરક્ષિત હોવા જોઇએ. બરોબર ને? જો તમે એ કરી શકો, ત્યારે તમે નિસર્ગના ગૂઢ રહસ્યની સામે ખુલ્લા થશો. અને આપણા વિશેની આપણા મનમાં જે ગુસપુસ થઇ રહી છે તે ખુલ્લી થશે. જે તમે બીજી કોઇ રીતે પામી ના શકો. ઇશ્વર જે આપણી અંદર આવવા માટે રાહ જુએ છે તે દરવાજા સુધી પહોંચી જશો. જે સત્ય છે એને આપણે આમંત્રિત કરી શકીએ નહીં. તે પોતાની રીતે આવશે. પરંતુ આપણું મન પ્રેમ પ્રત્યે અને સૂક્ષ્મ એવી પ્રક્રિયા જે આપણી અંદર ઉદ્ભવી રહી છે. તેને માટે મન ખુલ્લુ નથી, કારણ કે આપણે આપણી મહત્ત્વાકાંક્ષામાં એવા ગૂંથાય ગયા છીએ. આપણા લક્ષની બાબતમાં અને આપણી અપેક્ષાની બાબતમાં ઘેરાય ગયેલા છે. તેથી આ બધાથી દૂર શાંત એકાંત જવું એ ઘણું જ સારું છે.

મદ્રાસમાં આપેલો વાર્તાલાપ, ૫ જાન્યુઆરી ૧૯૫૨

## ...ત્યારે સંસ્થા, પધ્ધતિ અતિશય મહત્ત્વના બની જાય છે

**આ** જગતમાં એકલા ઊભા રહેવું એ અત્યંત અઘરી બાબત છે. એ તમને સમજાય છે? ફક્ત પાસપોર્ટ જેવી બાબત સિવાય કોઇપણ દેશના ના હોવું. કોઇપણ આદર્શને વરેલા ના હોવું, કોઇપણ પક્ષના ડાબેરી કે જમણેરી પક્ષના કે ચળવળમાં સહભાગી ના હોવું, તમે જે જાણતા ના હોય એવા શબ્દોનો પુનરુચ્ચાર નહીં કરવો. ત્યારે જ ત્યાં એકાત્મતા હોય છે. કારણકે જો તમે કોઇ સંસ્થા કે મંડળ ને વરેલા હોય, કોઇ ગુરુમાં માન્યતા ધરાવતો હોય કે તેનું અનુશરણ કરતા હોવ ત્યારે તમે પ્રમાણિક નથી રહેતા. આ વિભાજીત અવ્યવસ્થિત જ્યાં શત્રુત્વ અને કડવાશ અસત્ય ભરેલુ છે, એવા જગતમાં એકલા ઊભા રહેવું. શું તમે એકલા ઊભા રહી શકો? માફ કરજો. કદાચ તમે તેમ કરશો અથવા તે નહીં કરી શકો. તમે એવું નહીં કહી શકો કે, ઠીક હું એક નાના એવા સમુદાયનો ભાગ છું નહીં તો હું ખરેખરમાં આ બધાથી અલિપ્ત કે સ્વતંત્ર છું. તમને ખબર છે જ્યારે એકાત્મતા, પ્રમાણિકતા, સદાચાર નહીં હોય, ત્યારે આવા મંડળો, પધ્ધતિ વગેરે ઘણાં મહત્ત્વના બની જાય છે. આ તમારા ધ્યાનમાં કદી આવ્યું છે? ત્યારે આ મંડળો, પધ્ધતિ તમારા મન પર આધિપત્ય ધરાવે છે. પરંતુ મન જો ખરેખરમાં પ્રમાણિક, સરળ અને સ્પષ્ટ હોય ત્યારે કોઇ પધ્ધતિની આવશ્યકતા રહેતી નથી. તે પૂર્ણપણે સદાચારી હશે. તમને આ બધું સમજાય છે કે નહીં એ મારે માટે એક પ્રશ્ન છે.

*Facing a World in Crisis,*
સાનેન ૧૯૭૨, વાર્તાલાપ ૧

## વિભાજીત ના હોવાની ભાવનામાંથી પ્રમાણિકતા જન્મે છે

**સ**ર્વપ્રથમ આપણે એ તપાસીએ કે પ્રમાણિક હોવું એટલે શું? ખરેખરમાં ભીતરથી ગહનતાથી પ્રમાણિક. આપણે કોઇક સાથે પ્રમાણિક હોઇએ. એટલે કે આપણે કોઇની સાથે મેળ પાડીએ છીએ, કે જેને આપણે પ્રમાણિકતા કહીએ છીએ. કાલ્પનિક માન્યતા, શ્રધ્ધા, કે કોઇ આદર્શ કે જેને આપણે પ્રમાણિક કહીએ છીએ તેની સાથે આપણે જોડાઇ જઇએ છીએ. પરંતુ ખરેખરમાં એવું દેખાય છે કે જ્યાં એકાત્મતા હોય છે ત્યાં જ પ્રમાણિકતાનું અસ્તિત્વ હોય છે. તે એકાત્મકતા એટલે સામાન્યપણું નહીં. શબ્દદોષ પ્રમાણે સામાન્યપણાનો અર્થ એવો થાય છે, કે પહાડ પર અર્ધે સુધી જવું, પણ શિખર સુધી કદી જ ના પહોંચવું. કદાચ વિજ્ઞાનની દૃષ્ટિએ આપણે પહાડના શિખરે સુધી જઇએ. તાંત્રિક જગતમાં આપણે છેક ઉપર સુધી જઇ શકીએ, પરંતુ આપણા સ્વયંની શોધમાં, સ્વના અસ્તિત્વની સમજમાં છેક ઉપર સુધી જઇ શકતા નથી. આથી આપણે જીવનના સૌંદર્ય અને એની ગહનતાની શોધ લઇ શકતા નથી. જ્યારે એકાત્મતા હોય છે, કે જે અખંડતા છે. એટલે કે પૂર્ણતાની ભાવના નહીં, પરંતુ વિભાજીત ના હોવાની ભાવના, જેમાંથી પ્રમાણિકતા ઉદ્‌ભવે છે. જેમાંથી પરાવૃત થવાનું નથી. એ જેને દલીલ કરી ગળે ઉતારવાનું નથી પરંતુ દૈનિક જીવન સમગ્રતા સાથે જીવવાનું છે. અને એ સ્વયંને અખંડતા તરફ લઇ જતો માર્ગ છે.

બ્રૉકવુડ પાર્ક ૧૯૮૪, વાર્તાલાપ ૪

## ઉત્તરકાશીમાં રિટ્રીટ

**કૃ**ષ્ણમૂર્તિ રિટ્રીટ સેન્ટર ઉત્તરકાશીમાં ત્રણ અઠવાડિયાનો અધ્યયન સમય (રિટ્રીટ) ૨૫મી નવેમ્બર તે ૧૫ ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ રિટ્રીટમાં કૃષ્ણમૂર્તિના ડેવિડ બોહ્મ સાથે જે સંવાદ થયા છે, તેના અનુસંધાનમાં કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ અને અધ્યયન કરવામાં આવશે. સંવાદ અને અભ્યાસ દ્વારા કૃષ્ણજીના શિક્ષણના હાર્દને ગહનતાપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે અને આ રિટ્રીટ નો એજ મુખ્ય હેતુ છે. માત્ર શિક્ષણનો પરિચય કરાવવો એવો આ પરિચયાત્મ એવો કાર્યક્રમ નથી. જેઓને કૃષ્ણમૂર્તિના શિક્ષણમાં અત્યંત ગંભીરતાપૂર્વકનો રસ છે. અને નિરીક્ષણ અને અભ્યાસ દ્વારા આત્મશોધ (સ્વની શોધ) માટે ઉત્કટતા છે. એવા અભ્યાસુ માટે આ રિટ્રીટ ઘણું યોગ્ય છે. અભ્યાસ ત્રણ અઠવાડિયા માટે રહેવા તૈયારી હોવી જોઇએ. અધિક જાણકારી માટે સંપર્ક : krc.himalay@gmail.com
Website : http://jkrishnamurtionline.org/uttarkashi_retreat.php

**આનંદ વિહાર, જાંભિળઘર આગળ એક વ્યવસ્થાપકની જરૂર છે.**
બદલાપુરમાં કાર્યરત એવા જે. કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર માટે, ત્યાં રહેવા માટે તૈયાર હોય એવા વ્યવસ્થાપકની આવશ્યકતા છે. જે વ્યક્તિની અધ્યાત્મિક પાર્શ્વભૂમિ હોય અને જે ખેતી અને બાગકામનું જ્ઞાન અને તેમાં રસ ધરાવતી વ્યક્તિ ઇચ્છનીય છે. નિવૃત્ત એવા પતિ-પત્નીને પ્રાધાન્ય આપવામાં આવશે. ઉંમર, શિક્ષણ, અનુભવ અને અપેક્ષા સાથે તુરંત સંપર્ક સાધે કે પત્ર લખે, શ્રી અભિજીત પડતે, ૨૦૧, ઉષસ્, લિંકીંગ રોડ એક્સ્ટેન્શન. શાસ્ત્રીનગર, સાન્તાક્રુઝ (પ), મુંબઇ ૪૦૦ ૦૦૪.email : abhijit.padte@gmail.com

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચૈનેઇ ૬૦૦ ૦૨૮. • Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ:** સંપર્ક : ધી સ્ટડી વેલી સ્કુલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨. ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧ ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર) ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨ ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧ • Email: krc.himalay@gmail.com. ટે.નં (૯૪૧૨૪) ૩૬૪૨૯/૯૪૧૫૯ ૮૩૬૯૦. • website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯. ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલેંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦. • Email: kficuttackcentre@sify.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર:** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર. • ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: zilog@vsnl.com

## એકાત્મતામાં પ્રમાણિકપણા સૂચિત છે

સારું આ શબ્દનો અર્થ માનસિક રીતે બંધબેસતું એવું બરોબર જેમાં કોઇ ઘર્ષણ ના હોય, જેમ કે આ દરવાજો સારો છે. તમને સમજાયુ? જેમ કે સારી મોટરગાડી, સારુ નો એવો અર્થ પણ થાય છે કે અખંડ જે ખંડિત નથી, વિભાજીત નથી. ત્યારે શિક્ષણ દ્વારા એક સારો માણસ ઘડવાની આપણી તૈયારી છે. જે માણસ ડરપોક નહીં હોય, જેને પોતાના પડોશીનો ભય નહીં હોય. જેને ભવિષ્યની ચિંતા નહીં હોય. બિમારી, ગરીબી જેવી બાબતનો ભય નહીં હોય. એવો માણસ? એજ પ્રમાણે આપણા સ્વયં ને અને બાળકને એવી મદદ કરી શકીએ એવી આપણી તૈયારી છે. કે જેમાં એકાત્મતા હોય? એકાત્મતા એવો અર્થ પણ થાય છે કે અખંડ તમે જે કંઇ સમજો છો તે જ કહેવું એમ નહીં કે કહેવુ કંઇ અને તેનાથી જુદું જ કરવું. એકાત્મતા એ પ્રમાણિકતા ને લાગુ પડે છે. જો આપણી અંદર કાલ્પનિક દ્રઢ માન્યતા અને ખ્યાલો હોય ત્યારે આપણે પ્રમાણિક હોઇ શકીએ? કદાચ આપણે આપણી માન્યતા સાથે પ્રમાણિક હોઇ શકીએ પરંતુ તેને એકાત્મતા સાથે કંઇ જ સંબંધ નથી.

સામાન્યપણે આપણે બાળકોને જન્મ આપી આ જગતમાં લાવીએ છીએ. તેઓ બે ત્રણ વર્ષના થાય ત્યાં સુધીમાં તેને લાડ લડાવી બગાડી મુકીએ છીએ અને મોટા થતા તેને યુધ્ધ માટે તૈયાર કરીએ છીએ. ઈતિહાસે મનુષ્યને એ બતાવ્યું નથી આપણા બાળકો યુધ્ધ માર્યા ગયા અને કેટલી માતાના અશ્રુ વહી ગયા હશે. છતાં પણ એકબીજાને મારી નાખવાની આપણી રાક્ષસીવૃત્તિને અટકાવવા માટે આપણે અસમર્થ રહ્યા છે.

આપણને નાના બાળકોને શિખવવાનું હોય તો આપણી અંદર સાલસતાની ભાવના હોવી જોઇએ. સાલસતા એ ધ્યેય નથી. તે તો અખંડતા છે. જેમાં ભય નથી. ગોટાળો નથી. આ બધું એ ધ્યેય નથી. એ કર્મ છે. આપણામાં વાસ્તવિકતા હોય શકે? કે જેથી કરી શિક્ષણ દ્વારા સારા માણસને ઘડી શકીએ?

આપણાને ખરેખરમાં જુદી સંસ્કૃતિ, જુદો જ મનુષ્ય - કે જેનું મન ભ્રમિત ના હોય. જેની અંદર ભયનું અસ્તિત્વ ના હોય. અને જેની અંદર એકાત્મતાની એ તદ્દન જુદી જ ગુણવત્તા હોય. શું આ બધું આપણને જોઇએ છે?

ઑહાય, કેલિફોર્નિયા, ૧૯૮૦

પ્રશ્નોત્તર સભા ૧

## ધ્યાન એટલે મનને સર્વ અપ્રમાણિકપણામાંથી મુક્ત કરવું

વિચાર એ પ્રમાણિકપણાનું નિર્માણ કરે છે. પ્રમાણિક બનવાના પ્રયત્નમાં વિચાર તુલનાત્મક બની જાય છે. આથી તે અપ્રમાણિક ઠરે છે. કોઈપણ પ્રકારે તુલના એ ટાળમટોળ કરવાની પ્રક્રિયા છે. અને આથી અપ્રમાણિકપણું ઉદ્ભવે છે. અપ્રમાણિકપણું એ પ્રમાણિકપણાનું વિરુધ્ધ (Opposite) નથી. પ્રમાણિકપણું એ કોઈ વિશિષ્ટ તત્ત્વ નથી. તેમ જ તેને કોઈ ચોક્કસ બાબત સાથે બંધબેસતું કરી દેવું એમ પણ નથી, વિશેષ કરી ને જે છે એનું સમગ્રતાપૂર્વકનું સંપૂર્ણ દર્શન કરવું. મૌનમાંથી પ્રગટતો પ્રમાણિકપણાનો પ્રવાહ એટલે જ ધ્યાન.

*એકમેવ પરિવર્તન*, યુરોપ, પ્ર. ૯

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વ્હીડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચૈનેઇ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિમંત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઇ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે કઇ વેબસાઇટ્સ :
www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છિત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેઈલ હોય તો તે જણાવશો.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte • Translator : Harshad Panchal • Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com*